## જન્મદિને વધામણી


બિપીનચંદ્ર ડી ડોબરિયા
ટ્રસ્ટી, સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજ
મો. ૯૭૨૫૮ ૭૦૩૨૦


પી સી શાહ
મો. ૯૯૨૪૨ ૭૪૯૭૨


શુલભાબેન ભુપેન્દ્રભાઈ શાહ
મો. ૮૪૬૦૬ ૩૯૫૩૫


દ્વિતિ અંકિતકુમાર પટેલ
મો. ૮૪૦૧૦ ૯૬૯૪૫


ક્રિશિવ પરમાર


દેબપ્રતીમ રે


અસ્મિતા આર વઘાસીયા
મો. ૯૮૯૮૮ ૩૭૩૪૭

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

# બાળ શિબિર બાદ રવિવારે ‘કલરવ’ દ્વારા સ્ટેજ શો

### રાસ, નાટક, ગરબો (ટ્રાયો), રાજસ્થાની નૃત્ય, ભરતનાટ્યમ, કથ્થક, પંજાબી નૃત્ય અને લાવણી જેવી કૃતિઓ શિબિરાર્થી બાળકો દ્વારા પ્રસ્તુત કરવામાં આવશે

ગાંધીનગર, તા. ૬

કલરવ, ગાંધીનગરના બાળ શિબિરમાં ભાગ લેનારાં બાળકોએ તૈયાર કરેલી સાંસ્કૃતિક કૃતિઓના પ્રદર્શન માટે એક સ્ટેજ શોનું આયોજન કરવામાં આવ્યું છે.

આ અંગેની વિગતો આપતાં સંસ્થાના પ્રમુખ કમલ કિશોર જૈને જણાવ્યું છે કે ચાલુ વર્ષે કલવરના બાળ શિબિરમાં ૧૨ દિવસની તાલીમ બાળકોએ લીધી છે, જેનો અંત એક સુંદર સ્ટેજ કાર્યક્રમ તરીકે આવી રહ્યો છે. આગામી તા. ૮ મે ને રવિવારના રોજ સવારે ૮.૧૫ કલાકે ગાંધીનગર ટાઉનહૉલ ખાતે આયોજિત આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે બીઍસઍફ, ગુજરાતના આઈજી એ કે તોમર (આઈપીએસ) ઉપસ્થિત રહેશે. કાર્યક્રમ અંતર્ગત રાસ, નાટક, ગરબો (ટ્રાયો), રાજસ્થાની નૃત્ય, ભરતનાટ્યમ, કથ્થક, પંજાબી નૃત્ય, ઘુમર, ખંજરી નૃત્ય, હરિયાણવી, ફયુઝન (કથ્થક-ભરતનાટ્યમ), અને લાવણી જેવી કૃતિઓ શિબિરાર્થી બાળકો દ્વારા પ્રસ્તુત કરવામાં આવશે.

# ગુજસેટની પરીક્ષા રાબેતા મુજબ : નીતિન પટેલ

અમદાવાદ, તા.૬

આરોગ્ય મંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું છે કે, સુપ્રિમ કોર્ટમાં મેડીકલ પ્રવેશ માટેની પરીક્ષા અંગે નીટ દ્વારા પરીક્ષા લેવી કે ગુજરાતમાં ગુજસેટ દ્વારા પરીક્ષા લઈ મેરીટ મુજબ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવો તે અંગે કેસ ચાલી રહ્યો છે. આજે તા. ૦૬.૦૫.૨૦૧૬ના રોજ સુપ્રિમ કોર્ટમાં મેડીકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના વકીલ દ્વારા ગુજરાત સરકારની માંગણી મુજબ ગુજસેટની પરીક્ષા લેવામાં આવે અને તેના આધારે રાજયની મેડીકલ કોલેજોમાં પ્રવેશ આપવામાં આવે તેવી માંગણીને સમર્થન આપતું નિવેદન એમસીઆઈ દ્વારા કરાયું છે. જે ગુજરાતના વિદ્યાર્થીઓ માટે ખુબ જ ઉપયોગી છે. હવે આ અંગે વધુ તા. ૦૯-૦૫-૨૦૧૬, સોમવારના રોજ સુપ્રિમ કોર્ટમાં ભારત સરકારનો અભિપ્રાય રજુ થવાનો છે. રાજય સરકારને સંપૂર્ણ વિશ્વાસ છે કે,આ વર્ષે ગુજરાતમાં ગુજસેટ મુજબ પરીક્ષા લેવાની અને પ્રવેશ આપવાની સુપ્રિમ કોર્ટ દ્વારા મંજુરી આપવામાં આવશે. મંત્રી નીતિનભાઈ પટેલે જાહેરાત કરી હતી કે, આગામી તા. ૧૦.૦૫.૨૦૧૬ મંગળવારના રોજ ગુજરાત સરકાર દ્વારા ગુજસેટની પરીક્ષા માટે જે તારીખ જાહેર કરાઈ છે તે મુજબ જ ગુજસેટની પરીક્ષા લેવાશે. મંત્રીએ ઉમેર્યું હતું કે, આ વર્ષે ગુજસેટની પરીક્ષામાં ૩૯૩૦૩ વિદ્યાર્થીનીઓ અને ૨૮,૯૪૨ વિદ્યાર્થીઓ મળી કુલ ૬૮૨૪૫ વિદ્યાર્થીઓ ગુજસેટની પરીક્ષા આપવાના છે અને તેમના માટે ૩૫ શહેરોમાં કુલ ૨૯૨ સ્થળોએ આ પરીક્ષા યોજાશે.

# પંચાયતી રાજ તાલીમ કેન્દ્ર, સાદરામાં તલાટી કમ મંત્રીઓને તાલીમ અપાઈ



ગાંધીનગર, તા. ૬

ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત પંચાયતી રાજ તાલીમ કેન્દ્ર, સાદરામાં ૩૫ તલાટી કમ મંત્રીઓને પાયાની તાલીમના ભાગ રૂપે ગૌસંવર્ધન કેન્દ્રના પ્રાધ્યાપક રમેસભાઈ પટેલ દ્વારા પશુસુધારણા યોજનાની તાલીમ આપવામાં આવી હતી જેમાં પશુસંવર્ધનની રીતો, પશુ સુધારણામાં સરકારની સહાયક યોજનાઓ, ગ્રામીણ વિકાસમાં પશુપાલનનું મહત્ત્વ જેવા મુદ્દાઓની છણાવટ સાથે તાલીમ લઈ તલાટી કમ મંત્રીઓ જે ગામમાં સેવા માટે જાય ત્યાં એક તલાટી કમ મંત્રી એક ગામમાં ૧૦ ગોબસ ગેસ પ્લાન્ટ બનાવવા માટે ૧૦ કુટુંબોને તૈયાર કરે એવા ૩૫ તલાટી કમ મંત્રીઓ ૩૫ ગામમાં ૩૫૦ ગોબર ગેસ પ્લાન્ટ બનાવવા માટે ૩૫૦ કુટુંબોને તૈયાર કરે તેવો દઢ સંકલ્પ સાથે તાલીમ આપવામાં આવી હતી.

આ તાલીમ માટે આચાર્ય તેજશ ઠાકર, પ્રા. ભરત પટેલ, પ્રા. શૈલેન વાઘેલા, સુખદેવ મૌલા સુંદર આયોજન અને વ્યવસ્થા પૂરી પાડી હતી.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
૧૯૨૦ લંડન
૧૨.૩૦, ૫.૧૫, ૭.૪૫
વન નાઈટ સ્ટેન્ડ (એ)
૩.૦૦, ૧૦.૧૫

**સ્ક્રીન-૩**
કૅપ્ટન અમેરિકા (૩ડી હિન્દી)
૧૦.૦૦, ૪.૦૦, ૧૦.૦૦
કૅપ્ટન અમેરિકા (૩ડી અંગ્રેજી)
૧૦.૦૦, ૭.૦૦

**સ્ક્રીન-૪**
બાગી
૧૨.૪૫, ૩.૪૫,
૬.૪૫, ૯.૪૫

**સ્ક્રીન-૫**
ટ્રાફિક
૫.૧૫
વન નાઈટ સ્ટેન્ડ (એ)
૧૦.૦૦, ૧૨.૪૫, ૭.૩૦
૧૯૨૦ લંડન
૨.૪૫, ૧૦.૦૦

### ટૂંક સમયમાં આવી રહેલી અર્બન ગુજરાતી ફિલ્મ

# "આપણે તો છીએ બિંદાસ"નું સંગીત રિલીઝ



ગાંધીનગર, તા. ૬

રિલીઝ થવા માટે તૈયાર બેઠેલી અને ટૂંક સમયમાં રિલીઝ થનારી અર્બન ફિલ્મ ‘આપણે તો છીએ બિંદાસ’નું સંગીત તાજેતરમાં ગુલમહોર મૉલ, અમદાવાદ ખાતે રિલીઝ કરવામાં આવ્યું છે.

ફિલ્મ ગુજરાતી હોવા છતાં હિન્દી ફિલ્મ સંગીતનો અહેસાસ કરાવે છે. ફિલ્મનું ગીત-સંગીત જબરદસ્ત કર્ણપ્રિય, તાજગી સભર અને વારંવાર સાંભળવું ગમે તેવું બન્યું છે.ચિંતન નાઈક, પ્રબિર ભટ્ટ દ્વારા લખેલ ગીતો ને પાર્થિવ ગોહિલ, પાર્થ ઓઝા,અર્પણ ઓઝા,હિમાલી વ્યાસ, રશ્મિ રાવલે કંઠ આપીને ગીતોને માત્ર કર્ણપ્રિય જ નહિં પણ મનનપ્રિય પણ બનાવ્યા છે. ફિલ્મનાં સંગીતમાં સંગીતકાર નિકુંજ અરદેશણાએ ઘણી મહેનત સાથે પોતાની આવડતનું યોગ્ય સમાયોજન કર્યુ છે તે નિશ્ચત પણે કહી શકાય તેમ છે. ફિલ્મમાં દરેક ગીતો ‘‘આપણે તો છીએ બિન્દાસ’’,’’મસ્ત મૌલા દિલ પાગલ પાગલ’’, ‘‘વિશ આઈ કુડ બી વિથ યુ’’,’’એક વાત પૂછું મા’’,’’હે પ્રભુ તારા પંથે’’ વેસ્ટર્ન રોમાન્ટીક,સુફી,પ્રાર્થના ડાન્સ જેવી વિવિધ રેન્જ અને જેનર ના બનાવી સંગીતકારે પોતાની કાબેલિયત પુરવાર કરી છે. પ્રસિધ્ધ ગાયક પાર્થ ઓઝાના કહેવા મુજબ મેં આ ફિલ્મમાં ચાર ગીતો ગાયા છે જે ગાવાનો મને ખુબજ આનંદ આવ્યો છે.ફિલ્મનાં યુવા નિદેશક નિશાંત દવેએ જણાવ્યું કે ફિલ્મનું મીકિંસગ અને માસ્ટરીંગ હિન્દી ફિલ્મનાં જાણીતા ગીતો આપનાર અભિષેક ઘાટકે દ્વારા કરાવાયું છે, જેઓએ ચેન્નાઈ એકસપ્રેસ, હંપટી શર્મા કી દુલ્હનીયા, સ્ટુડન્ટસ ઓફ ધ ઈયર જેવી ઘણી ફિલ્મોનું મીકિંસગ-માસ્ટરીંગ કરેલ છે. મે મહિનાનાં અંતમાં રીલીઝ થનાર આ યુથ ઓરીએન્ટેડ ફિલ્મ બિંદાસ એવા ત્રણ મિત્રોની વાર્તા વણી લેવાઈ છે જેમનો પરિવાર અત્યંત અમીર છે અને જીવનમાં આનંદ પ્રમોદ, મઝામસ્તી સિવાય જાણે કશું કામ જ નથી અને કોઈપણ પ્રકારના કામ કરવા બાબતે તેઓ કયારેય પાછી પાની નથી કરતાં.પોતાના આવા સ્વભાવ હેઠળ એક ખુબ જ મોટી ચેલેન્જ સ્વીકારી લે છે પણ તેમાં તેમને કેવી કેવી મુસીબતોનો સામનો કરવો પડે છે અને તેમાં કેવી રીતે સફળતા મેળવે છે તે વાત આ ફિલ્મમાં વણી લેવાઈ છે તેવું ફિલ્મનાં નિર્માતા નરેશ-જયશ્રી દવે એ જણાવ્યું. સંપૂર્ણ પારિવારિક આ ફિલ્મનાં કલાકારો તરીકે પ્રવિણ ગુંદેચા, વિક્કી શાહ,કૈલાસ શહદપુરી, પ્રિયંકા તિવારી,રચના વ્યાસ, જૈમિની ત્રિવેદી, સુભાષ બ્રહ્મભટ્ટ,કિર્તી ઠક્કર, ઈફત્તેખાર નિઝામી, મુકેશ પંડયા, હિરેન રાવલ, રૂષિકેશ પોટાએ અભિનય આપ્યો છે.

# ગજાનન સેવા સમિતિ દ્વારા દેવકરણના મુવાડા ખાતે સેવાકાર્ય



શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા દહેગામ તાલુકાના દેવકરણના મુવાડા ખાતે પાંચ ગામોનાં ૯૨ નિરાધાર મહિલાઓને ૩ કિગ્રા ચોખાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત ભેટાઈમાં પણ પાંચ વૃધ્ધોને ચોખાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સેવાકાર્યમાં હરીત દવે, ડૉ. અતુલભાઈ, મિલિન્દભાઈ, દિનેશ પરમાર જોડાયા હતા.

# વિકલાંગો અને વિધવાઓ માટે સરકારી સહાયની જોગવાઈઓમાં સુધારા

ગુજરાત વિધાનસભાના નિવૃત્ત રિપોર્ટર અને ગાંધીનગર સમાચારના વાચક દિવ્યાંગો માટેની સવલતો અને વિધવા બહેનો માટેની આર્થિક સહાય અંગે રાજ્ય સરકારે જાહેર કરેલી જોગવાઈઓ અંગે વિગતે વાત મોકલી છે, એ જોઈએ.

સરકાર દ્વારા તા. ૨૧-૪-૨૦૧૬ના ઠરાવથી, આ તારીખથી અમલમાં આવે તે રીતે નીચેની સવલતો આપવાની જાહેરાત કરવામાં આવી છે.

- વિકલાંગોને દર પાંચ વર્ષે વિકલાંગ ઓળખપત્ર રિન્યૂ કરાવવું પડે છે તેમાં સુધારો કરીને તેમને હવે કાયમી ધોરણે વિકલાંગ ઓળખપત્ર આપવામાં આવશે.
- વિકલાંગ વ્યક્તિની આવક મર્યાદાની જોગવાઈ રદ કરવામાં આવે છે.
- વિકલાંગોને હાલ ફક્ત સાદી ઍક્સપ્રેસ બસમાં જ વિનામૂલ્યે મુસાફરીનો લાભ મળે છે તેના બદલે ગુર્જર નગરી, ઈન્ટરસિટી, લકઝરી, વૉલ્વો બસ સહિત તમામ પ્રકારની બસોમાં મુસાફરીનો લાભ મળવાપાત્ર થશે.
- ૪૦ ટકા કે તેથી વધુ અસ્થિવિષયક વિકલાંગતા ધરાવતી વ્યક્તિને પોતાને યોજનાનો લાભ મળશે તથા ૭૦થી ઓથા બુદ્ધિઆંકવાળી માનસિક પડકારિતા ધરાવતી વિકલાંગ વ્યક્તિને તથા તેના સહાયકને વિનામૂલ્યે મુસાફરીનો લાભ મળશે.
- હાલ અંધ કે મૂકબધિરના કિસ્સામાં ફક્ત ૧૦૦ ટકા અંધત્વ કે ૧૦૦ ટકા મૂકબધિર-પણું ધરાવતી વ્યક્તિને જ યોજનાનો લાભ મળે છે, તેમાં સુધારો કરી હવે તીવ્ર વિકલાંગતા ધરાવતી એટલે કે ૮૦ ટકા કે તેથી અંધત્વ કે ૮૦ ટકા કે તેથી મૂકબધિરપણું ધરાવતી વ્યક્તિને પણ આ યોજનાનો લાભ મળશે.
- ૮૦ ટકા કે તેથી વધુ દૃષ્ટિ વિષયક વિકલાંગતા ધરાવતી વ્યક્તિ તથા તેના સહાયકને વિનામૂલ્યે મુસાફરીનો લાભ મળવાપાત્ર રહેશે.
- ૮૦ ટકા કે તેથી વધુ મૂકબધિર-પણું ધરાવતી વ્યક્તિને પોતાને વિનામૂલ્યે મુસાફરીનો લાભ મળવાપાત્ર રહેશે, પરંતુ તેના સહાયકને લાભ મળવાપાત્ર રહેશે નહીં.
- ૭૫ ટકાથી વધુ અસ્થિવિષયક વિકલાંગતા ધરાવતી વ્યક્તિને પોતાને વિનામૂલ્યે મુસાફરીનો લાભ મળવાપાત્ર રહેશે જ્યારે તેના સહાયકને ટિકિટ ભાડામાં ૫૦ ટકા રાહત મળવાપાત્ર રહેશે.
- ઍસટીના પ્રવાસ માટે વિકલાંગ વ્યક્તિઓને નવું ઓળખપત્ર આપવાનું રહેશે, જેમાં વિકલાંગ વ્યક્તિનું નામ, સરનામું, જન્મતારીખ, અભ્યાસ, બ્લડ ગૃપ અને ઓળખનું ચિહ્ન દર્શાવવાનું રહેશે. નવા ઓળખપત્ર ન આવે ત્યાં સુધી હાલના ઓળખપત્રો ઉપર આ યોજનાનો લાભ મળવાપાત્ર રહેશે. આ યોજનાનો અમલ તા. ૨૧-૪-૨૦૧૬થી કરવાનો રહેશે.

નિરાધાર વિધવા બહેનો માટેની આર્થિક સહાયની યોજના

- જો ૨૧ વર્ષથી ઉપરની ઉંમરનો પુત્ર હોય તો નિરાધાર વિધવાઓને દર માસે રૂા. ૭૫૦ અને બાળકદીઠ રૂા. ૧૦૦ પ્રમાણે સહાય (બે બાળકોની મર્યાદામાં) ચૂકવવાનું રાજ્ય સરકારે નક્કી કર્યું છે.
- અરજદાર વિધવાની પોતાની જંગમ તથા સ્થાવર મિલકતના રોકાણમાંથી વ્યાજ સહિત બધાં સાધનોમાંથી (૧) ગ્રામ્ય વિસ્તાર માટે વાર્ષિક આવક રૂા. ૪૭ હજાર અને (૨) શહેરી વિસ્તાર માટે વાર્ષિક આવક રૂા. ૬૮ હજારથી ઓથી હોય તેવી નિરાધાર મહિલા (કોઈને ઘેર કામ કરતી હોય તેની આવક ગણવાની નથી) આ સહાય મળવાપાત્ર થશે.
- વિધવા થયાની તારીખથી બે વર્ષની સમયમર્યાદામાં વિધવા સહાય મેળવવા ફોર્મ ભરવાની સમયમર્યાદા જે હતી તે હવે તા. ૧-૪-૨૦૧૨ની અસરથી રદ કરવામાં આવેલ છે. પરંતુ સહાયનો લાભ ફક્ત ફોર્મ ભર્યાની તારીખથી મળવાપાત્ર થશે. આમ ગુજરાત રાજ્યમાં વસવાટ કરતી અને ૨૧ વર્ષથી વધુ ઉંમરનો પુત્ર ન હોય તેવી નિરાધાર વિધવા બહેનો આ યોજનાનો લાભ લઈ શકશે.
- તા. ૧-૪-૨૦૧૨થી જે વિધવા મહિલા લાભાર્થીએ ૧૮ વર્ષની ઉંમર પૂર્ણ કરી હશે અને તેઓ જો નિયમોનુસાર પાત્રતા ધરાવતા હશે તો મળવાપાત્ર હશે તો મળવાપાત્ર થશે. જે લાભાર્થીઓની ઉંમર ઠરાવના અમલની તારીખે ૧૮થી ૪૦ વર્ષની વયજૂથના એટલે કે ૪૦ વર્ષ કરતાં ઓછી ઉંમર હોય તેવા તમામ લાભાર્થીઓએ બે વર્ષની અંદર તાલીમમાં જોડાવાનું રહેશે અને બે વર્ષની અંદર તાલીમ પૂર્ણ કરી લેવાની રહેશે.
- આ સહાય અરજદારની નજીકની પોસ્ટ ઓફિસના બચત ખાતા દ્વારા ચૂકવવામાં આવશે.
- આ યોજનાના લાભાર્થી વિધવા બહેનોએ દર વર્ષ જુલાઈ માસમાં તેમણે પુનઃ લગ્ન કર્યા નથી તે મતલબનું મામલતદાર અથવા તાલુકા વિકાસ અધિકારીનું પ્રમાણપત્ર રજૂ કર્યા પછી જ બીજા વર્ષની સહાય મળવાપાત્ર થશે.
- આ અંગેના અરજીપત્રકો તાલુકા મામલતદારની કચેરીમાંથી વિનામૂલ્યે મળી શકશે. અરજીપત્રકો સંપૂર્ણ રીતે ભરી માગ્યા મુજબના જરૂરી બિડાણો એટલે રેશનકાર્ડની નકલ, મરણના દાખલાની નકલ, પોતાના તથા બાળકોના ઉંમરના દાખલાની નકલ, મામલતદાર અથવા તાલુકા વિકાસ અધિકારી તરફથી મળેલ આવકનો તથા પુનઃ લગ્ન કર્યા નથી તે બાબતનો દાખલો તથા ફોર્મ ઉપર અરજદારનો પાસપોર્ટ સાઈઝનો ફોટો લગાડી અરજીપત્રક પોતાના તાલુકાના મામલતદારની કચેરીમાં આપવાનું રહેશે.

નોંધ : કોઈ નિરાધાર વિધવા બહેનનો પુત્ર ૨૧ વર્ષનો હોય પરંતુ તે માતાનું ભરણપોષણ કરવા માટે સક્ષમ ન હોય જેમકે પાગલપન, શારીરિક અપંગતા, આજીવન કારાવસ (કેદ) અથવા અપમૃત્યુ થાય વગેરે કિસ્સામાં પણ આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે.

